
"શિંગડાની શોભા."

પ્રકાશક–બુકસેલર રણછોડલાલ મોતીલાલ.

રીચીરોડ–અમદાવાદ.

[સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે]



સંવત ૧૯૮૨ — સને ૧૯૨૬

કીંમત ૦-૧-૦.

આ ટીઆનો બાબુ ... પ્રેસમાં છાપ્યો. રીચીરોડ–અમદાવાદ.

(વાંચો) સચિત્ર ધાર્મીક પુસ્તકો.

નરસીંહ મહેતો ભાગ ૧-૨
સચિત્ર દરેકના ૦-૧૦-૦
મીરાંબાઈ ભાગ (૧-૨)
સચિત્ર દરેકના ૦-૧૦-૦
રામલીલા ભાગ ૧-૨
સચિત્ર દરેકના ૦-૧૦-૦
વીણાવેલી ભાગ ૧-૨
સચિત્ર દરેકના ૦-૧૦-૦
સતિ દ્રોપદી સચિત્ર ૦-૧૦-૦
મદાલસા ભાગ ૧-૨ સંપુર્ણ
૨ કીં. ૦-૧૦-૦
રાજ કર્કો-બારો ૧—૪-૦
રક્ષક કે ભક્ષક? ૦-૧૦-૦
સતિ સીતા સચિત્ર ૦-૧૦-૦
પતિનારાયણ વ્રત ૦—૬-૦
સત્યનારાયણની કથા ૦—૬-૦
સદગુણી વારાંગના ૦-૧૦-૦
બત્રીસ પુતળીઆંની જુદી
જુદી વાર્તા ૧-૧૦ ભાગ
સચિત્ર દરેકની કીં. ૦-૮-૦
કામલત્તા સચીત્ર ૦—૮-૦
સમાજનો શીકાર ૦-૧૦-૦

સત્યવાદી હરિશ્ચંદ્ર ને તારા-
મતી સચિત્ર ૦-૧૦-૦
ચિતોડનો કગણ કીં ૦—૮-૦
પ્રતાપી પ્રમિલા કીં. ૦-૮-૦
રૂપિરાજનાં પદ કીં ૦-૮-૦
ચતુર સ્ત્રી વિલાસ ગરબાવળી
(લગનનાં ગીત સાથે) ૦-૮-૦
જુલ્મી જનેતા યાને પરિવર્તન
સચીત્ર ૦-૧૦-૦
હિંદુ સંસાર સચીત્ર ૦-૧૦-૦
જીવતી ચુડેલ સચીત્ર ૦-૮-૦
રાજા હરિશ્ચંદ્ર હરીગીતમાં
સચીત્ર ૦-૬-૦
બોડાણો ભાગ ૧-૨
સચીત્ર દરેકના ૦-૬-૦
પવિત્રકુમાર સચીત્ર ૦-૧૦-૦
પારસમણી ૧૯૨ પાનાં ૦-૮-૦
,, મોટી ૨૫૬ પાનાં ૦-૧૦-૦
ભક્તશીરોમણી પાનાં ૧૯૨
કીં. ૦-૧૦-૦
ઝેરી ઝવેરી ૦-૧૦-૦
એકજ પૈસો કીં. ૦—૮-૦

॥ ॐ शांनो मित्रः ॥

"શિંગડાની શોભા."

: લેખક :

મંગલ.

-તે-

શિવલાલ ત્રિભુવન વાંટાવદરકર.

પ્રકાશક

રણછોડલાલ મોતીલાલ શાહ.

રીચીરોડ—અમદાવાદ

' પ્રાઈસ વન આના ઑન્લી છે ફીક્સ, ' ઓફ ધીસ પ્રત,
' વેરીગુડ સ્ટોરી કોમેડી આ છે; લ્યો આ પ્રત. '

મુલ્ય ૦--૧--૦

દોહરો.

સર્વ હક્ક સ્વાધીન છે, પરાધીન પણ પ્રાણ
પ્રાણ કરો સ્વાધિન ને, તો જીવ્યું પરમાણ.

ધી "મનહર" પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપી
પાનકોર નાકા—અમદાવાદ.

॥ ॐ तत्सत ॥

" શિંગડાની શોભા. "

લેખક: ' मंगल. '

શિવલાલ ત્રિભુવન—વાંટાવદરકર.

—નમસ્તે...વાચનાર !

...ત્હમને હસવાનો અભ્યાસ છે કે ?...ભલા અભ્યાસ નહિ તો 'મરજી' તો છે ને ?...હા !...હસવાની મરજી !...જો હોય તો હસો ! હસો !...ખૂબ હસો ! પોણી ચારસો પંક્તિઓના દેહમા વિરાજેલા આ વાર્તાના ગર્ભ ઉપર પેટ પકડીને હસો ! પણ હા !...ત્હમારા મ્હોમા આ ટચૂકડી વાર્તા વાચતી વખતે બીડી યાતો સીઝરનો એક છેડો છે કે ?...હોય તો ફેંકી દ્યો...શા માટે ? ન સમજ્યા ?...વાંચતા વાચતા કદાચ ખડખડાટ હસી પડશો ને મ્હોંમાની સળગતી સીઝર યાતો બળતી બીડી કપડાને ચુંબન કરી દેશે તો ? વાંચવું અપૂર્ણ રાખીને કૂદાકૂદનો નંબર 'વન' ડેન્સ કરવો પડશે !

ને બીજું...મ્હોમા નાગરવેલનું ' બંગલા ' પાન છે ? હોય તો એ ડચૂરો પણ મ્હોની ગુફામાંથી કહાડી મૂકો ! નહિતર વળી કપડા લાલચિહ્નાંકિત થઇ જશે.

—એ બધું કર્યું ? હા ?...હવે વાચો ! મલકતે મુખડે વાચો ! શું ? ' શિંગડાની શોભા. ' મ્હારા તરફથી પ્રકટ થતો ' શિંગડાની શોભા' ની સુન્દરતમ શોધનો અપૂર્વ ઇતિહાસ.

શાન્તિદા સરિતાના સુવિશાળ તટ ઉપર શાન્તિપુર નામક એક શહેર હતું. આજકાલના અપ-ટુ-ડેટ કિંવા ફર્સ્ટકલાસ ગણાતા શહેરો જેવા કે મુંબઇ, અમદાવાદ, કલકત્તા, કરાચી, દિલ્હી, લંડન ! એ સર્વે મહાન્ શહેરોના જેવો ઠાઠ કે ત્હેના જેવી ભવ્યતા શાન્તિપુરમાં ન હતી. ત્યારે ત્હમે પૂછશો કે શાન્તિપુર 'ગામડું' કેમ નહિ? 'શહેર' શા માટે ? ઠાઠમાઠ હોય તેજ શહેર કહેવાય...ખ...રૂં ત્હમ્હારા આ શબ્દો મ્હને માન્ય છે. પણ શાન્તિપુરના રાજાએ એવો હુકમ બહાર પાડ્યો હતો કે: "મ્હારા શાન્તિપુરને કોઇએ 'ગામડું' કહેવું નહિ. 'શહેર'જ કહેવું. ને જે કોઈ 'ગામડું' કહેશે તો ત્હેના ધડ અને શિરનો સહકાર મટી જશે !..."

રાજાની આવી કડક આજ્ઞા હોવાથી શાન્તિપુરને કોઈ 'ગામડું' કહી શકતું ન હતું; ને ત્હેના પરિણામે 'શાન્તિપુર શહેર' એમ કહેવાઇ ગયું.

જો કે આ કથા ત્હમે વાચો છો એ વખતે ત્હે મહારાજા સાહેબ આ પૃથ્વીની સપાટી ઉપર નથી; તથાપિ મ્હારાથી ત્હેમના પાટ નગરને 'ગામડું' કહેવાની હિંમત દર્શાવી શકાતી નથી... કોને ખબર છે !...કદાચ ત્હે નૃપ દેવનું રૂહ પ્રકટ થઇ તલ્વાર ચમકાવે તો ?

જીવવાની મમતા દરેકને હોય છે; ને મ્હનેયે છે. ને તેથીજ શાન્તિપુરને મ્હેં 'શહેર' જણાવ્યું છે.

આવી સખ્ત આજ્ઞાની આણ ફેરવનાર રાજાનું નામ દાનવસિંહ હતું. સંસ્કૃત ભાષાની એક યુક્તિ યાદ આવે છે: '**યથા નામઃ તથા ગુણાઃ**' નામ પ્રમાણે ગુણ હોય છે. તો પછી દાનવસિંહ કેમ અપવાદ હોઇ શકે ? ત્હેનો સ્વભાવ દાનવના સ્વભાવને આબેહુબ મળતો

આવતો હતો. શાન્તિપુરની પ્રજાના પ્રાણ ત્હેના અમલ દર્મ્યાન ગળામાં રહેલા.

આવા દાનવી સ્વભાવ વાળા રાજામાંયે એક ગુણ તો હતોજ. ત્હેની બુદ્ધિ અત્યંત તીવ્ર હતી ને તેથી સારાસાર તો જો કે ત્હે સ્હમજી શકતો નહિ પરન્તુ ત્હે જાણી શકતો કે કોણ કેટલામા છે! કોઈ અમલદાર જુલમ કરી શકતો નહિ કારણકે સર્વે અમલદારો ત્હેનાથી ડરતા હતા.

ત્હેની તર્કશક્તિ અત્યંત તીક્ષ્ણ હતી. વાત વાતમાં ત્હે તર્ક કરતો. તેણે પોતાની પાસે એક જ્ઞાનવાન વ્યક્તિ રાખેલી હતી. ત્હેનું નામ મણિધર હતું. બન્ને જણા વચ્ચે ઠીકઠીક મેળ હતો.

લોકોતો એ વખતે એમ કહેતા કે દાનવસિંહ તે અકબર; ને મણિધર તે બીરબલ...ને વાંચનાર! આ લોકોક્તિ સત્ય હતી ત્હેની ખાત્રી આ કથા પુરે છે.

એક દિવસ એવું બન્યું કે દાનવસિંહ એક પુસ્તક વાંચતો હતો; ત્હે પુસ્તકમાં ત્હેણે 'વેદીયા ઢોર' શબ્દ વાંચ્યો. ત્હેની તર્કશક્તિ ઉછળી. મણિધરને બોલાવીને ત્હેણે કહ્યું: "મણિધર! વેદીયા ઢોર કેવા હોય છે?"

જ્યારે દાનવસિંહ પ્રશ્ન કરતો ત્યારે તે આબાદ અકબરની યાદ કરાવતો. પણ મણિધર-બીરબલ હોઇ એવા પ્રશ્નોનો ઉત્તર ઘણીજ સુન્દરરીતે આપતો ને તેથીજ ત્હે મહારાજાનો કૃપાપાત્ર બની શક્યો હતો.

દાનવસિંહનો ઉક્ત પ્રશ્ન સાંભળીને મણિધર બોલ્યો.

"આપને વેદીયા ઢોર જોવા છે?"

"હા." દાનવસિંહે કહ્યું:

"તો હું બતાવી શકીશ. પરન્તુ ત્હેના માટે મ્હને થોડીક મુદત આપવી જોઇશે." મણિધરે આ પ્રમાણે જણાવ્યું.

" કેટલી મુદત જોઈશે? દાનવસિંહે પૂછયું.

" એક મહિનાની મુદતમાં જો ત્હમે મ્હને 'વેદીયા ઢોર' નહિ બતાવો તો ?...તો તમ્હારો વધ કરવામાં આવશે, સમજ્યા ?"

મણિધરની મુદતની માગણીને મંજુર કરીને મહારાજાએ આ પ્રમાણે શબ્દો સંભળાવ્યા.

મણિધરે તે કબુલ કર્યું ને તેજ દિવસથી રાજાને 'વેદીયા ઢોર' બતાવવાની ખટપટમાં તે પ્રેરાયો.

તેણે પુખ્ત વિચાર કર્યા કીધાં. પછી ત્હેણે રાજા પાસે આવીને એક ગાડું અને બે બળદની માગણી કરી.

રાજા આશ્ચર્ય પામીને બોલ્યા:

"ગાડું અને બળદ લઇને ત્હમે શું કરશો ?"

"એથીજ હું ત્હમને 'વેદીયા ઢોર' બતાવવા શક્તિમાન્ થઈ શકીશ." મણિધરે જણાવ્યું.

રાજાએ મણિધરને એક ગાડું અને બળદ કાઢી આપ્યા, ને તે લઇને મણિધર પોતાના મકાને આવ્યો.

મણિધરે શાન્તિપુર શહેરની ચાર નામાંકિત વ્યક્તિઓને પોતાની પાસે બોલાવરાવી. તે ચાર વ્યક્તિઓનાં નામ.

જગન્નાથ......ધુરંધર શાસ્ત્રવેત્તા પંડિતરાજ.

માધવ.........પાકશાસ્ત્રજ્ઞ ભવ્ય ભટ્ટરાજ.

દિનકરરાવ......જ્યોતિષ શાસ્ત્ર પારંગત જોષીરાજ.

વામનદાસ......આયુર્વેદ શાસ્ત્ર વિશારદ વૈદરાજ.

આ ચાર ' રાજ ' પોતપોતાની વિદ્યામાં એટલા બધા પ્રવિણ હતા કે ન પૂછો વાત !

ચારે જણાએ આવીને મણિધરને આશિર્વચન કહ્યા. મણિધરે યોગ્યતા મુજબ સર્વેને આસન આપ્યું.

ચાર જણામાંથી જગન્નાથ પ્રથમ બોલ્યોઃ

"મહાશય! અમ્હને બોલાવવાનું જે પ્રયોજન હોય તે જ્ઞાત કરો." મણિધરે કહેવા માંડ્યું:

"મહારાજા દાનવસિંહનાં દીકરી ત્હેમના મોસાળ ગયા છે તે ખબર છે ને?" ભટ્ટજી બોલ્યા: "હા."

મણિધર બોલ્યોઃ "તમ્હારે ચારે જણાએ જઇને મહારાજાના દીકરીને તેડી લાવવાના છે. ગામ બહુ દુર નથી. માત્ર પંદર ગાઉજ અહિંથી થાય છે."

વૈદરાજ બોલ્યા: હા. સંતપુર પંદર ગાઉજ થાય છે. દોઢ દિવસનો રસ્તો."

"બોલો, તમ્હે ચારે જણ જશોને? મહારાજાના કહેવાથી હું આ પૂછુંછું."

મહારાજાના સ્વભાવને એ 'રાજ ચોકડી' સારી રીતે પીછાનતી હોવાથી ચારેએ મણિધરના કહેવાને માન આપ્યું. ને બધાએ સંતપુર જવાની હા કહી.

ગાડું અને બળદ મણિધરે રજુ કર્યા અને પછી તેણે કહ્યું:

"તમ્હારા ચારમાથી કોઇ ગાડું હાકી જાણે છે?"

ભટ્ટજીએ કહ્યું: "હા. હું ઘણીજ સારી રીતે જાણું છું."

"ઠીક ત્યારે." મણિધરે કહ્યું: "પ્રભાતમાં વ્હેલા ઉઠીને ચાલજો એટલે બીજે દિવસે મધ્યાહને સંતપુર પહોંચી જશો."

"ઘણુંજ સારૂં." કહી ચારે જણાં રજા લઇ પોતપોતાને ઘેર આવ્યા.

બીજા દિવસનું વ્હાણું વાયું. રાજચોકડી એકત્ર થઇ. ગાડે બળદ જોડાયા. ભટ્ટજી ગાડું હાંકવા બેઠા ને બીજા ત્રણ ગાડાની અંદર બેઠા।

"વ્હેલા વળજો." મણિપુરે વિદાય આપતાં કહ્યું.

પછી ગાડું સંતપુરના રસ્તે પડ્યું.

બળદ રાજના હતા એટલે પૂછવુંજ શું? પુછડું આમળવું પડે કે ડચડચ કરવું પડે એમ હતું નહિ તેથી ભટ્ટજી નિરાતે લોકગીત લલકારતા હતા.

સંધ્યા થઈને ગાડું દશ ગાઉ નિકળી ગયું. બળદ થાકયા હશે ધારી બધાએ એક વાવ શોધીને ત્યાં રાત્રિ ગુજારવાનો નિશ્ચય કર્યો.

ગાડે જોડેલા બળદને છોડવામા આવ્યા. બધા ગાડાથી નિચે ઉતર્યા ને એક વૃક્ષની નીચે એક ચાદર પાથરીને તે પર સૌ બેઠા.

ધીમે ધીમે અંધકાર વૃદ્ધિગત થવા લાગ્યો. સૃષ્ટિ સુંદરી અંધકારના દેહમા પેસી ગઇ. થોડી અહિં તહિંની વાતો કર્યા બાદ આપણી રાજચોકડી નિદ્રાધિન થઇ ગઇ.

* * * *

પ્રભાત પ્રકટયું. : અંધકાર ઉડી ગયો. પક્ષીઓ બોલવા લાગ્યા. આપણી રાજચોકડીની આંખો ઉઘડી ગઇ. આકાશને આંગણે કુંકુંમના સુરમ્ય સાથીયા ચિતરાતા ચારેએ નિહાળ્યા.

જગન્નાથ પંડિતે દરખાસ્ત મૂકી.

"આપણે રાતના ભૂખ્યા છીએ. માટે અત્યારે ચાલીએ નહિ તો સારૂં. ગામમાંથી વસ્તુઓ લઈ આવીએ ને અહિં રાંધી-જમીને પછી ચાલીએ. ભટ્ટજી છે એટલે રાંધવામાં કાંઇ અડચણ આવશે નહિ!"

ભટ્ટજી મહારાજ ફુલાયા : "અરે રસોઇ તો એવી બનાવી આપું કે જમનાર આંગળા કરડી ખાય."

"બધાનો વિચાર હોય તો મ્હારી ના નથી." જોષીએ કહ્યું:

વૈદ બોલ્યા: "ખીચડી ને શાક બનાવો. તડકે ચાલવાનું છે એટલે બીજો ભારે ખોરાક ઠીક નહિ."

સઘળા એક થયા ને સર્વાનુમતે ઠર્યું કે ખીચડીને શાક બનાવવા. તે ખાધા પછી આરામ લઈ સાંજે ગાડું જોડવું. પાચજ ગાઉ જવાનું હોવાથી રાત્રે સંતપુર પહોચી જવાશે એવું સૌએ અનુમાન બાંધ્યું.

શાક લેવા માટે વૈદને મોકલવામાં આવ્યા. ઘી લાવવા પંડિત ગયા. જ્યોતિષી કુંભારને ત્યા વાસણો લેવા માટે ગયા ને ભટ્ટજી ગાડા બળદની દેખરેખ રાખવા માટે ગામ બહારજ રોકાયા.

બળદ જાળવવાની ઉપાધિ દુર કરવાના હેતુથી ભટ્ટજીએ પોતાના સાથીઓને કહ્યું: "આ બળદને ચરવા છૂટા મુકીએ તો? આટલામાં ચરશે."

પંડિત બોલ્યા: "ન્હાસી જશે તો પછી ગાડે કોણ જોડાશે, ભટ્ટરાજ!"

તુરત જોષીરાજ ઉછળીને સૌની સન્મુખ આવ્યા. માથાપરની વાંકડી પાઘડીમાથી ટીપણું કાઢ્યું...ખોલ્યું ને પછી 'જોષ' જોઈને પછી બોલ્યા:

"હરકત નથી...અત્યારનો યોગ એવો છે કે ગયેલી વસ્તુ પાછી આવે. માટે બળદને ચરવા છોડી મૂકો. સાંજે આપણી જરૂર વખતે આવીને હાજર થઈ જશે."

જોષી મહાન્ હતા. જ્યોતિષ શાસ્ત્રમાં તે પારંગત હતા. સૌએ તેનું માન્ય રાખ્યું ને બળદ છોડી મૂકવામાં આવ્યા.

* * * *

ગામમાં પ્રવેશેલી ત્રિપુટીમાંથી પ્રથમ વૈદરાજને લઈએ.

વૈદરાજ પૂછતા પૂછતા શાક બજારમાં આવ્યા. ભિન્ન ભિન્ન પ્રકારની શાક સામગ્રી ત્યાં દ્રષ્ટીગોચર થતી હતી. વૈદે પ્રથમ રીંગણું —વંતાક હાથમા લીધું; પછી તુરત પાછું મુકી દીધું ને મનમાં બબડયા. " રીંગડાં તો ગરમ પડે. "

ભીંડાપર નજર જતાં તે બબડયા: " ભીંડા તો તાવને બોલાવે માટે ભીંડા તો ન લેવા.

બટાટા જોઇને બબડયા : બટાટા તો પિત્ત વધારનાર છે. "

ચીભડાને જોતાંજ ઉદ્દગાર કાઢવા લાગ્યા : " આ તો પેટમાં ગરબડે. પચવામાં ભારે તો નહિ પણ પેટને ફુલાવી દે. માડામા એ-સવું છે એટલે એ શાક પણ ન પાલવે '

વૈદની ફરતી ફરતી દ્દષ્ટિ ગઇ કારેલાપર; તે સ્વગત બોલ્યા :

" એ તો કડવું શાક થાય. લોહીને પાણી કરી નાખે એવા કારેલાને કેમ ખરીદાય ? "

એ પ્રમાણે દરેક શાક ઉપર વૈદરાજે દ્રષ્ટિ ફેરીને સ્વગતોદગાર કાઢયા. એક પણ શાક તેમને અનુકુળ જણાયું નહિ. વૈદરાજ આયુર્વેદશાસ્ત્રમા પ્રવિણ હતા; એટલે પગલે પગલે તેઓ ચિકિત્સા ને આગળ ધરે તેમાં શી નવાઇ ?

શાકબજારમાનું એકપણ શાક વૈદરાજને અનુકુળ આવ્યું નહિ ત્યારે તે નિરાશ વદને ગામમાં ફરવા લાગ્યા.

વાચનાર ! વૈદરાજને ' જગતપુર ' માં ફરવા દઇને આપણે પંડિતને લઇએ.

પંડિત બજારમાં આવ્યા ને ઘી બજારનું ઠેકાણું પૂછ્યું. કોઈ સભ્ય આત્માએ ઠેકાણું બતાવ્યું ને પંડિત ઘી બજારમાં આવ્યા. એક વાડકો તેઓ સાથેજ લાવ્યા હતા; તેમાં એક શેર ઘી લીધું.

રસ્તામાં તેમની શાસ્ત્રવિશારદતા ઉભરાણી. ઘીથી ભરેલા વાડકાને જોતાંજ એકાએક પંડિતજીએ ઉદ્દગાર કાઢ્યા.

घृतं आधारम्पात्रम् ? કે पात्रआधारम् घृतम् ?

ઘીએ કે વાડકાએ પંડિતના પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ. તેથી પંડિતે ત્હેનો નિર્ણય કરવા વિચાર્યું. પાદરમાં આવીને વાડકાને ઉંધો રાખ્યો. ઘી ગરમ હતું ને તે ધુળમાં ભળી ગયું.

ખાલી વાડકે પંડિતજી પોતાના મુકામ તરફ નિરાશ વદને ચાલવા લાગ્યા.

વાંચનાર ! પંડિત મૂકામે પહોંચે ત્યાર પહેલા આપણે જ્યોતિષી તરફ ધ્યાન ખેંચીએ.

જ્યોતિષી એક કુંભારને ત્યાં ગયા. કુંભારે ત્હેનો સારો સત્કાર કર્યો ને બેસવા પથરણું પાથર્યું. જોષીરાજ બેઠાને બોલ્યા.

" એક પાટીઓ, એક તાવડી, એક સગડી, એટલુ મ્હારે જોઇએ. "

કુંભારે એ ત્રણે વસ્તુઓ કાઢી આપીને જ્યોતીષીએકિંમત પૂછી.

કુંભારે કહ્યું: " કુલ એક રૂપીઓ. "

તુરત જોષીએ ટીપણું કાઢ્યું. ઉખેળ્યું...ને પછી કહ્યું.

" એક કલાક પછી મ્હારા માણુસ જોડે રૂપિઓ મોકલાવીશ. કારણુ કે અત્યારનો યોગ એવો છે કે જો હું રૂપિઓ આપું તો આખો દિવસ રૂપિઆ જા જા જ કરે...અવિશ્વાસ કરતો નહિ હો ! ..અમે શાંતિપુરના છીએ. ગામ બહાર ઉતર્યા છીએ, ખાત્રી કરવી હોય તો ચાલ. "

કુંભારે વિશ્વાસ રાખ્યો ને વાસણ લઇ જવા દીધા.

જોષીરાજે પાટીઓ બગલમાં માર્યો. તાવડી માથે મૂકી ને સગડી ખભાપર ધરી...આવા વેષમાં તે મુકામપર આવી પહોંચ્યા

વાસણુ તપાસ્યા પછી ભટ્ટજી બોલ્યાં:

"જોષીજી! વાસણ તો સાજા છે, ખીચડી લાવ્યાછોને? લાવો!"

જોષી ખીચડી લાવવાનું ભુલી ગયા હતા તે તુરત દોડયા ને થોડીવારમાં ખીચડી લઇ આવ્યા.

ભટ્ટજીએ આજુબાજુમાંથી લાકડા એકઠા કરીને સળગાવ્યા ને પાસેની વાવમાથી પાણી ભરી લાવી ખીચડી ચ્હડવા માટે મૂકી દીધી અને પછી ઘી અને શાકની રાહ જોતાં બન્ને બેઠા.

એટલામા એક કલાક થઇ ગઈ ને જોષીરાજ રૂપિઓ આપવા કુંભારના ઘર તરફ ઉપડયા.

અહિં શું થયું? વાચનાર!

પાટીયાને વાચા આવી ને તે 'ભટ...ભટ...ભટ...ભટ..." બોલવા લાગ્યો.

આ સાંભળીને ભટ્ટજી ઉશ્કેરાયલા સાદે પાટીયાને ઉદ્દેશીને બોલ્યા.

"એ! પાટીયા! મ્હારા ચાળા કેમ પાડે છે? ચુપ થઇ જા, નહિતર ખોપરી ફુટી જશે.

પાટીયો તેમ તેમ વધુ બોલવા લાગ્યો: "ભટ...ભટ...ભટ...ભ...ટ..."

"હવે તો ભટ્ટજીનો મીજાજ હાથમા રહ્યો નહિ. એક ડાંગ લીધીને તે ઉગામીને તે બોલ્યો:

"હવે ચૂપ થાય છે કે નહિ? નહિતર..."

પાટીયો બોલ્યો: "ભટ...ભટ...ભટ...

ભડ દઈને ડાંગનો ઘા પાટીયા પર પડયો. પાટીયાના ચુરેચુરા થઇ ગયા ખીચડી રાખમાં બળી ગઇ.

પોતે કરેલી બહાદુરી માટે મુછ મરડતો પોતાના સાથીઓની આવ્યાની રાહ જોતો તે ગાડા પાસે બેઠો.

એટલામાં જ્યોતિષીજી આવી પહોંચ્યા.

ચુલાની ને પાટીયાની દશા જોઇને તે ચમકયા ને બોલી ઉઠયા:

" ભટ્ટજી ! આમ તો જુઓ...પાટીયો ફડફડ-ફી ગયો કે શું !"

" એતો મ્હેં ફોડી નાખ્યો." ભટ્ટજી બોલ્યા.

" શા માટે ?" જોષીએ પૂછ્યું.

" શા માટે શું ? તે મ્હારા ચાળા પાડતો હતો !" ભટ્ટ બોલ્યો.

" પાટીયો તે વળી ચાળા પાડી શકે કે ? જોષી બોલ્યા.

" તો શું હું ખોટું બોલુંછું ?...ભટ...ભટ...ભટ...બોલતો'તો ભટ્ટજી બોલ્યા ત્યાં પંડિતરાજ આવી પહોંચ્યા ને બનેલી હકીકત કહી.

જોષી બોલ્યા: " ઘી ગયું "...ખીચડી ગઇ ! હવે ખાવાનું શું?"

ત્યા વૈદરાજ પહોંચ્યા.

વાચનાર ! તેમના હાથમાં શું હતું ?...નથી ઓળખી સકતા ? સબુર ! હમણાજ ત્હેની ઓળખાણ પડી જશે.

વૈદરાજ આવતાં-વેંતજ બોલ્યા:

" લ્યો શાક." એમ કહીને હાથમાંની વસ્તુ તેણે ભટ્ટજીની પાસે ફેંકી :

ભટ્ટજી ત્રણ ડગલા પાછળ હટી ગયા.

" આ શું શાક છે ?...આ તો લીમડાના પાન છે ?"

" લીમડાના પાનનું શાકજ અત્યારે આપણને અનુકુળ છે. કારણ કે આયુર્વેદ શાસ્ત્રમાં લખ્યું છે કે લીમડો નિરોગી છે. આપણે પ્રવાસ કરવાનો હોય એવા નિરોગી શાકજ ખાવા જોઇએ. બીજા શાક ખાતાં માર્ગમાં માંદા પડીએ તો શા હાલ ?"

વૈદરાજ બોલ્યા :

વૈદરાજના કથન ઉપર સુધળા હસ્યા. ત્યારબાદ પંડિતે કરેલી

'ધીઢોળ' અને ભટ્ટજીએ કરેલી 'પાડીયા ફોડ' વાત વૈદરાજના જાણવામાં આવી ને તે હસી પડયા.

હાસ્યવિધિની સમાપ્તિ પછી ચારે જણ પરસ્પર ખિન્ન વદને જોવા લાગ્યા.

'રાજચોકડી' અત્યંત વિદ્વાન હતી ને તેથીજ તેઓને ભુખ્યા રહેવાનો ટાઇમ આવી મળ્યો એમ આપણે ખુશીથી કહી શકી શું. કારણકે ભણવાની સાથે ગણવું જોઇએ એવી જુગજુની એક કહેવત છે. આપણી 'રાજચોકડી' ભણી હતી પણ ગણી ન હતી એમ આટલાપરથી અનુમાન થઇ શકે છે.

હવે વધારે જાણવાની ઇચ્છા છે...વાંચો !...

આટલી રકઝકમાં બપોરના બાર વાગવા આવ્યા હતા. તાપ તો કહે કે મારૂં કામ !...બીજી વખત ગામમાં જઇને બધી જણસો લાવવાની કોઇએ હીંમત બતાવી નહિ.

પંડિત બોલ્યા: "નિરર્થક અહિં પડયા રહેવુ એ ઠીક નહિ અત્યારેજ આગળ વધીએ."

"હા. પંડિતજી ઠીક કહે છે. ફોકટ વખત ગુમાવવો એ સજ્જનોનું લક્ષણ નથી." જોષીરાજ બોલ્યા: "કેમ વૈદરાજ!"

"ભલે...ચાલવું હોય તો ચાલો...મારી ના નથી!"

એમ બોલતા વૈદરાજ ઉભા થયા. ગાડા પાસે ગયાને તેમનો હાથ પૈડા પર પડયો. હાથ અને પૈડાનો સ્પર્શ થતાંજ વૈદરાજે ઉદ્‌ગાર કાઢયા.

"અ...ધ...ધ...ધ ગાડાને તો ભયંકર તાવ આવ્યો છે ને શું!

એમ કહીને તેણે ગજવામાંથી નળી કાઢી પૈડા પર મૂકીને ગાડાને બરાબર તપાસ્યું પછી વૈદરાજ બોલ્યા:

"અરે!...આપણે કાંઇ ખબરજ રાખી નહિ...ગાડાને તો અ-ત્યારે એકસોને એકવીસ ડીગ્રી તાવ ચઢયો છે...આટલો પુષ્કળ સખ્ત તાવવાળો દર્દી હજી સુધી મ્હારી પાસે કોઇ આવ્યો નથી."

"ત્યારે હવે શું કરીશું?" શાસ્ત્રી પંડિતરાજ બોલ્યા:

સઘળાના વદનપર વિષાદની છાયા છવાતી જતી હતી.

"બીજું શું!" કપાળે હાથ પછાડીને વૈદ બોલ્યા: "થોડો વખત થોભવું પડશે...જો કે તાવ સખ્ત છે પરન્તુ મ્હારી ચિકિત્સા કહે છે કે તે ચાર કલાકમાં ઉતરી જશે."

"તો ચાર કલાક રોકાઇએ!" જોષીરાજ બોલ્યા.

"રોકાવુંજ પડશે" વૈદ બોલ્યા:

પછી ચારેયે વૃક્ષની છાંયા નીચે પાથરેલી ચાદરપર સોડ તાણી ગઇ કાલના દિવસના પ્રવાસ પરિશ્રમથી તેમને થાક લાગેલો હતો તેમાં સ્હવારના ભોજનની સામગ્રી શોધવા પાછળ લાગેલા હોવાથી પુષ્કળ શ્રમિત થઇ ગયા હતા, અધુરામાં પુરૂં ખાવાનુ મળ્યું નહિં; આ બધા સંયોગોમાં સપડાયેલી આપણી 'રાજ ચોકડી' ભૂખ્યા પેટે ઉંઘવા લાગી.

ચારેયે નસ્કોરા બોલાવવા માંડયા.

તેઓને ઊંઘ એવી આવી ગઈ કે તેઓ જ્યારે જાગૃત થયા ત્યારે સૂર્ય નારાયણને અસ્ત થઇ ગયાને એક કલાક વ્યતિત થઇ ગયેલો હતો. ને તેથી રાત્રિ રાણીની નયન કીકીમાંથી અંધકાર વછુટતો હતો.

ઝડપ દઇને ચારે જાગૃત થઈ ગયા.

પંડિત બોલ્યા: "બહુ મોડું થઇ ગયું!"

બાળક બોલ્યા "કાંઈ ફીકર નહિ." રાત્રિના શાંત વાતાવર-

ણુમાં મુસાફરી કરવામાં કાંઇ ઓર આનંદ આવશે."

એકાએક વૈદરાજને ગાડાની સ્થીતિ તપાસવાનું સાભરી આવ્યું. ગાડા પાસે તે આવ્યા ને પૈડાપર હાથ મૂકયો.

પંડિતે પૂછ્યું, "વૈદરાજ, કેમ છે ગાડાને?"

ડોક ડોલાવીને રડતા સ્વરે વૈદરાજ બોલ્યા.

"ગજબ થયો!"

"કેમ?" ભટ્ટજી બોલ્યા :

"ગાડું તો મરી ગયું!" વૈદરાજ બોલ્યા :

"હેં! શું સાચું કહો છો?" જોષીરાજ બોલી ઉઠયા.

"સાચું નહિ તો શું ખોટું?" વૈદરાજ બોલ્યા!" જુઓ મધ્યાહ્‌ને પૈડું કેટલું સખ્ત ગરમ હતું ને અત્યારે કેટલું ઠંડું થઇ ગયેલું છે. મૃતકનું શરીર આવું ઠંડું પડી જાય!"

'બધાએ નિઃસાસા મૂકયા :

"એમ નિઃશ્વાસ મૂકયે શું વળશે?" પંડિતજી બોલ્યા : "શાસ્ત્ર વિધિ પ્રમાણે ત્હેનો અગ્નિસંસ્કાર કરીએ."

પંડિતજીના કહેવાને માન આપી ભટ્ટજી આજુબાજુમાથી લાકડા એકઠા કરી લાવ્યા. લાકડાના મ્હોટા ગંજમાં ગાડાના 'શબ'ને ગોઠવવામા આવ્યું.

ત્યાર પછી વૈદરાજે તેમા દીવાસળી મુકી.

થોડી વારમા તો લાકડા ભડ ભડ ભડ બળવા લાગ્યા. ને જ્યાં એક કલાક વ્યતીત થયો ત્યા ગાડાનું 'શબ' બળીને ખાખ થઇ ગયું.

ગાડાને બાળી રહ્યા પછી ભટ્ટજી બોલ્યા:

"હવે આપણે શું કરીશું?"

એટલામાં વૈદરાજને બળદ યાદ આવ્યા ને તેથી તે બોલી ઉઠયા.

" પણ હજી સુધી બળદ કેમ આવ્યા નહિ ?"

પંડિત રાજે જોષીરાજને પૂછયું:

" કેમ જોષીરાજ ! બળદ કેમ આવ્યા નહિ ?"

" કોણ જાણે !" જોષીરાજ બોલ્યા: " બળદને છોડી મૂક્યા એ વખતે યોગ તો ઘણોજ શ્રેષ્ઠ હતો ને તે કેમ હજી નહિ આવ્યા હોય ?"

" એ તો હવે આવી રહ્યા." પંડિતજી બોલ્યા: " આપણે આપણું કરો."

" આપણું શું કરવાનું હતું ?" જોષી બોલ્યા: " આપણાથી એક ડગલું આગળ વધી શકાય એમ નથી. ગામમાંથી ગાડું ભાડે કરી લ્યો ને શાંતિપુર ચાલો."

બધાએ મળીને શાંતિપુર પાછા જવાનો નિશ્ચય કર્યો. ને જગતપુરમાંથી એક ગાડું ભાડે કર્યું.

મળસ્કે આપણી 'રાજચોકડી' શાન્તિપુર તરફ સિધાવી.

માર્ગમાં ચારે પોતપોતાના જ્ઞાન માટે મનમાં ને મનમા ફુલાતા જતા હતા.

* * * *

" કેમ મણિધર ! તમારી મુદ્દત આજે પુરી થઇ ગઇ છે. ચાલો 'વેદીયા ઢોર' બતાવો નહિતર મૃત્યુને બોલાવો. "દાનવસિંહે મણિધરને બોલાવીને કહ્યું

" મહારાજ ! " વેદીયા ઢોર " તૈયાર છે, કહોતો હમણાંજ બોલાવું ને આપ નામદારને બતાવું. " મણિધરે કહ્યું.

" બોલાવ. " દાનવસિંહે જણાવ્યું.

તુરત મણિધરે સીપાહીદ્વારા આપણી 'રાજચોકડી 'ને બોલાવીને મહારાજની સમક્ષ ખડી કરી દીધી

મહારાજ તેમને જોઈને બોલ્યા:

" મણિધર ! આનો ચારેજણ આપણા રાજ્યના પ્રતિષ્ઠીત સજ્જનો છે.

વેદીયા ઢોર કયા છે ? તે બતાવ. "

" મહારાજ ! " મણિધર બોલ્યા: " આ ચાર જણાનેજ હું ' વેદીયા ઢોર ' તરીકે આપના પાસે રજુ કરું છું.

મહારાજા ચમકયા:

"શું આવા ધુરંધર જ્ઞાનાત્માઓ ' વેદીયા ઢોર ' ? "

" હા. નામદાર ! " મણિધરે કહ્યું:

આપણી 'રાજચોકડી' એક બીજાના મ્હો સામુ જોવા લાગી

" તે કેવી રીતે ? ઢોરને શીંગડા ન હોય ? આતો શિંગડા વિનાના......"

મહારાજાના બોલવાની વચ્ચમા આવીને મણિધરે કહ્યું;

" મહારાજા ! ઢોરને ' **શિંગડાની શોભા** ' હોય છે; પરન્તુ આપ જે " વેદીયા ઢોર " માગો છો ત્હેને ' શીંગડાની શોભા ' હોતી નથી. "

" એટલે ત્હમે એમ કહોછો કે આ ચાર જણાં વેદીયા ઢોર છે ?" મહારાજાએ મણિધરને પ્રશ્ન કર્યો.

ચારે જણા આ શું થઇ રહ્યું છે તેના ઉપર મનોગત વિચાર કરવા લાગ્યા.

મણિધરે મહારાજાના પ્રશ્નનો ટુંકો ઉત્તર આપ્યો.

" હા. "

" કેવી રીતે ? મ્હને સમજાવો. " રાજાએ કહ્યું:

પછી મણિધરે ચારે જણાને કહ્યું કે " તમને સંતપુર મોકલ્યા હતા ને જે જે બન્યું તે મહારાજાની પાસે નિવેદન કરો. "

પ્રથમ ભટ્ટરાજે ' પાટીયા ફોડ'ની વાત કહી.

પછી પંડિતરાજે ' ધી ઢોળ 'ની વાત કહી.

ત્યારબાદ વૈદરાજે ' ગાડાને તાવ પછી આવેલા મૃત્યુની વાત કહી.

ને છેલ્લે જ્યોતીરાજે ' બળદને છૂટા મૂકી દીધા ' એ વાત કહી.

મહારાજા આ **રાજ ચોકડી** ની કહાણી સાંભળીને ખડખડાટ હસી પડયા. તેમનું હસવું બરાબર સત્તર મિનિટ અને સત્તર સેકંડ ચાલ્યુ.

જ્યારે મહારાજા હસી રહ્યા. ત્યારે મણિધર બોલ્યો.

" કેમ આ લોકો " વેદીયા ઢોર ખરા કે નહિ ? "

મહારાજાએ કબુલ કર્યું:

" ખરા " " વેદીયા ઢોર. "

પછી મહારાજાએ ' રાજચોકડી 'ને ભણ્યા છો પણ સાથે સાથે હવેથી ગણતા શીખો એમ કહ્યું:

વિલે મોઢે ' રાજચોકડી ' સ્વસ્થાનકે સીધાવી ગઇ.

તે દિવસથી તેમણે શાસ્ત્રજ્ઞાનનું અભિમાન છોડી દીધું ને ભણવાની સાથે ગણવાની વાત સતકાર કરીને કોઇ કશાગ વ્યવહાર

સામાન્ય વ્યક્તિ પાસે આપણી 'રાજચોકડી' ગણવાનું શિખવા લાગી.

મહારાજાએ મણિધરને ઘણું ઈનામ આપ્યું જે મણિધરે ઘણા હર્ષ અને આભાર વચ્ચે સ્વિકાર્યું.

વાંચનાર !

આપણી આ ટુંકકથા આટલેથી અટકે છે. વાચીને સાર લેવાય તો લેવો...'**ભણો ને ગણો**' કારણ કે:

ભણે પણ ગણે નહિ એવા સઘળા 'વેદીયા ઢોર' કહેવાય છે કે જેમને હોતી નથી—"**શિંગડાની શોભા.**"



અમારી પાસેથી મળતાં પુસ્તકો.

અમારા ઘટાડેલા ભાવથી મંગાવી લો.

સંગીત શશીકળા યાને સદગુણી સુંદરી સચિત્ર	૦-૬-૦
સત્યવાન સાવિત્રી જસમા ઓડણ	૦-૬-૦
ભક્તશિરોમણી ભજન સંગ્રહ	૦-૪-૦
તુલસીદાસ કબીરની સાખી	૦-[illegible]-૦
જ્ઞાન ઉપદેશ	૦-૮-૦
જ્ઞાનમાળા ...	૦-[illegible]-૦
ચતુર સુંદર સ્ત્રી વિલાસ	૦-૮-૦
સંકેત સાવગીંગા મોટી	૦-[illegible]-૦
ગજરામારૂની વારતા મોટી	૦-૬-૦
ગુલબકાવલી મોટી સચિત્ર	૦-૬-૦
મીરાંબાઇ ભજન સંગ્રહ	૦-૨-૦
મીરાંના પદ ...	૦-૨-૦
ઓચ્છવ પદમાળા	૦-૩-૦
પ્રભાત સંગ્રહ ...	૦-૬-૦
ખુબસુરત ગાયનમાળા	૦-૬-૦
ઓધવજીના મહીના	૦-૧-૦
ખુબસુરત ગાયનમાળા મોટી	૦-૧૨-૦
ભજનાવળી નાની ...	૦-૧-૦
ખુબસુરત બાર ભાગ	૦[illegible]
સિદ્ધરાજ જયસીંહ અને જસમા ઓડણ ...	૦[illegible]
પારસમણી ભજન સંગ્રહ	૦[illegible]
હનુમાન ચાલીસા	૦-[illegible]
હારમોનિયમ શીક્ષક	૧-[illegible]
શીવમહિમન સટીક	૦-[illegible]
ડાકોર પદ સંગ્રહ	૦-[illegible]
સંકેત સાવગીંગા મોટી સચિત્ર	૦-૮-૦
ગજરામારૂ નાની ..	૦-[illegible]-૦
ગુલબકાવલી નાની ..	૦-૪-૦
કબીર સાહેબના પદ	૦-૧-૦
સીતા વનવાસના ધોળ	૦-૧-૦
ભોજા ભગતના ચાબખા	૦-૧
આરતી સંગ્રહ ...	૦-૧-
વાલાજીના મહીના ...	૦-૧-
શનીશ્વરની કથા ...	૦-૧-
શુકનાવળી ...	૦-૧-૦
કુંવરબાઇનું મામેરૂં ...	૦-૧-૦
પાંચ રસીક નાટકો ...	૦-૮-૦

તા. ક:—બહાર ગામથી મંગાવનારે પોસ્ટ રેલ્વે સ્ટેશન, તથા મુકામ વિગેરે હકીકત સ્પષ્ટ અક્ષરે ચોકસ જણાવવું.

છપો-બુકસેલર રણછોડલાલ મોતીલાલ, અમદાવાદ.